આકાશવાણી, અમદાવાદ

28-11-2026 Midday: 2.30 to 2.35 pm

Saturday Regional News

CM DWARKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચ ખાતે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. ત્યારબાદ તેઓ પ્રવાસ દરમિયાન સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે પણ બેઠક યોજશે.
અગાઉ સવારે તેઓ યાત્રાધામ દ્વારકામાં જગત મંદિર ખાતે પહોંચ્યા. જ્યાં તેમણે રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે ભગવાન દ્વારકાધીશજીના ચરણોમાં પ્રાર્થના કરી. તેમણે મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું અભિવાદન કર્યું હતું.

SANGHVI CHHOTAUDEPUR

છોટાઉદેપુર જિલ્લાના પ્રવાસના બીજા દિવસે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે કવાંટ તાલુકાના હાફેશ્વર ખાતે પ્રવાસન અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું. તેમણે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા જેટી પ્રોજેક્ટ, ટુરિઝમ રિસેપ્શન કાઉન્ટરના તબક્કા એક અને બે તેમજ રેવા ઈકો ટુરિઝમ સાઈટ પ્રોજેક્ટ્સનું પણ નિરીક્ષણ કર્યું. શ્રી સંઘવીએ નર્મદા નદીમાં બોટિંગ મારફતે સ્થળની સ્થિતિનો તાગ મેળવી સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. અગાઉ તેમણે કવાંટના હાફેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા હતા.

DWARKA BHARTI

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે આજે નવનિયુક્ત વિદ્યા સહાયકો માટે શાળા પસંદગી મેળાનું આયોજન કરાયું. જેમાં 300થી વધુ વિદ્યા સહાયકોની નિમણૂક કરવામાં આવી. આ અંગે વધુ માહિતી આપતા ધારાસભ્ય મુળુ બેરાએ જણાવ્યું કે નવી ભરતીથી જિલ્લામાં વિવિધ શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હળવો થશે.

TAPI PANSHERIYA

તાપી જિલ્લાના વ્યારા અને માંડવીને જોડતા મહત્વના રેલવે ઓવરબ્રિજનું કામ આગામી ચાર મહિનામાં પૂર્ણ થશે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ આજે આ ઓવરબ્રિજની કામગીરીનું નિરીક્ષણ કર્યા બાદ આ માહિતી આપી. તેમણે સ્થળ પર બ્રિજનું નિરીક્ષણ કરી જવાબદાર અધિકારીઓ પાસેથી કામની સ્થિતિ અને વિલંબ અંગે માહિતી મેળવી હતી. સાથે જ આગામી ચાર મહિનામાં બ્રિજનું અધૂરું કામ પૂર્ણ કરવાની હૈયાધારણા આપી હતી.

ARVALLI VAJA

કેબિનેટ મંત્રી પ્રદ્યુમ્ન વાજાએ આજે અરવલ્લી જિલ્લાની મુલાકાત લીધી. તેઓ શામળાજી તાલુકાના પાંચમહુડી ગામે પહોંચ્યા હતા, જ્યાં આદિવાસી સમાજના પરિવાર સાથે ભોજન લીધું હતું. આ સાથે તેમણે સરકારી શાળાની મુલાકાત કરી હતી, જ્યાં મધ્યાહન ભોજન બનાવવાની કામગીરી નિરીક્ષણ કરીને બાળકો સાથે વાતચીત પણ કરી હતી.

KUTCH ACCIDENT

કચ્છ જિલ્લાના નખત્રાણાના ઢોરા ગામ નજીક ટ્રેલર અને મોપેડ વચ્ચેના અકસ્માતમાં બે શિક્ષિકાનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે ત્રણ દિવસ અગાઉ પણ દેશલપર-હાજીપીર માર્ગ પર જ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં 4 લોકોનાં જ્યારે સાત દિવસ અગાઉ ખાવડા-ભુજ માર્ગ પર સર્જાયેલા અકસ્માતમાં 7 લોકોનાં મોત થયાં હતાં. આમ એક અઠવાડિયામાં કચ્છમાં માર્ગ અકસ્માતોમાં 13થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શન તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યુઝ ઓન AIR મોબાઈલ એપ પર કાર્યક્રમનું પ્રસારણ કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, DD NEWS, પ્રધાનમંત્રી

કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યૂ ટ્યૂબ ચેનલ પર પણ “મનકી બાત” કાર્યક્રમનું સીધું પ્રસારણ કરાશે.
આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરતજ આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે અમદાવાદથી તિરુવનંતપુરમ ઉત્તર વચ્ચે વન-વે વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન આવતીકાલે રાત્રે એક વાગ્યે અમદાવાદથી ઉપડશે અને 30 નવેમ્બર, સોમવારે સાંજે સાડા 4 વાગ્યે તિરુવનંતપુરમ ઉત્તર પહોંચશે. આ ટ્રેનમાં સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે, જે વડોદરા, સુરત, પનવેલ અને એર્નાકુલમ સહિતના મુખ્ય સ્ટેશનો પર રોકાશે. આ વિશેષ ટ્રેનનું ટિકિટ બુકિંગ આજથી જ તમામ પીઆરએસ કાઉન્ટરો પર શરૂ થઈ ગયું છે.